


# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




શ્રદ્ધા હોય, ન્હોય, ભાગવત કથા સાંભળવી પડશે!
પરાણે પણ માધવની વ્યથા સાંભળવી પડશે!
ને સાંભળવી પડશે સૂરાવલી સંઘના રાગોની -
શિસ્ત પ્રથાથી આદેશની ગાથા સાંભળવી પડશે!
(ભાગવત્ - લાઇવ પ્રસારણ)




લાગી છે આગ,
'જિન્પીંગ'ની લંકામાં -
લોકશાહીની...

'બિહારી ગેંગ'
ગુજ્જુ સમૃદ્ધિ પર
બદનજર

## ચિંતન

**વયસિ ગતે કઃ કામવિકારઃ ક્ષીણે ધને કઃ પરિવારઃ ।**
**શુષ્કે નીરે કઃ કાસારો જ્ઞાતે તત્ત્વે કઃ સંસારઃ ॥**

વય-યુવાની ચાલ્યા ગયા પછી વૃદ્ધાઅવસ્થામાં કામવિકાર થાય તો પણ એની શોભા નથી. સારૂં લાગતું નથી.

ધન-સંપત્તિ ક્ષીણ થઇ ગયા પછી-કુટુંબ-પરિવાર ગમતો નથી સંબંધો-વ્યવહાર રાખવા-ટકાવવા-નિભાવવા ગમતા નથી.

જળ સૂકાઇ ગયા પછી સરોવર શોભતું નથી અને -

જયારે જ્ઞાનની પ્રાપ્તિ થઇ જાય - દિવ્ય જ્ઞાન કે પરમાત્માનું તત્ત્વ-સાક્ષાત્કાર થઇ ગયા પછી-જીવનનું અમૃત પામ્યા પછી જ્ઞાની દિવ્યપુરૂષ-સંતને સંસારમાં જરા પણ રસ રહેતો નથી. સંસાર સારો લાગતો નથી.

એટલે જે વસ્તુ જયારે શોભતી હોય ત્યારે જ શોભે - અમૂક ઉંમરે વય-સ્થળ-સ્થાન પ્રમાણે ક્રિયા સારી લાગે.

## સુવિચાર

- સૂર્યનું કિરણ છતના કાણામાંથી પ્રવેશતા જ ઓરડામાં અજવાળું ફેલાઇ જાય છે એને આપણે સૂર્ય નહીં પણ ચાંદરણું કહીએ છીએ, ભગવાન સૂર્ય જેવા છે અને એનું ચાંદરણું એટલે સદ્ગુરૂ.. **- રાજેશ વ્યાસ**
- ઉપાસનાના માર્ગ ઉપર જે નિષેધાત્મક ભાવોના પથ્થર પડ્યા હોય છે તે હટાવવાના હોય છે. હું નિમિત માત્ર છું એ ભાવે પ્રગટે છે ત્યારે આખું જગત સોનાવર્ણું લાગે છે **- ધર્મસૂત્ર**
- શ્વાસ એ જીવન છે અને ઉચ્છવાસ એ મૃત્યુ છે અને એ બેવ આપણી ભીંતર ધબકી રહ્યા છે **- રમણ મહર્ષિ**
- અનાથાશ્રમમાંથી બાળક લાવીને માતા બનવું અને પ્રસૂતિની પીડા વેઠીને માતા બનવું એ બેયમાં જેટલો ફેર છે એટલો જ ફેર ઇશ્વરની વાતો પુસ્તકમાં વાંચવામાં અને ઇશ્વરના માર્ગે ચાલવામાં છે **- એસ. ભટ્ટાચાર્ય**
- બધું જ ભીંતરથી ખંખેરી નાખીને પરમ સમીપે જે ક્ષણે ખાલી થઇ જઇએ એ જ ક્ષણે પોતાના પરમ પ્રેમથી આપણને છલકાવી દે છે **- રજનીશ**
- જયારે સ્પષ્ટ થવા લાગે કે હું સાવ જુદો છું બહારના લોકોને જે લાગુ છું એ તો માત્ર અટકળ છું, આવો ભાવ અને અવસ્થા એ જ 'નિમિત્ત શું?' એ સમજાવે છે- **જીવનસૂત્ર**
- ઇશ્વરની ઝલક એ તો બારાખડીના બાવન અક્ષરોની બહારની વાત છે - **નવનીત**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

વિનોબા ભાવે સંસ્કૃતના પણ પ્રકાંડ પંડિત હતા. બીજી અનેક ભાષા જાણતા હતા. એમના વ્યાખ્યાન અને વાતચીતમાં 'રમૂજ' રહેતી અને એ પણ બોધદાયક ઘણીવાર તો ખૂબ ઊંડું તત્ત્વજ્ઞાન ખૂબ સરળ અને સહજ રીતે સમજાવી દેતા.

એકવાર દક્ષિણ ભારતમાં વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ ચાલતો હતો. એક વિદ્યાર્થી એ વિનોબાજીને પુછ્યું જેમ વિજ્ઞાનમાં 'ઓબ્જેક્ટીવ' ટેસ્ટ-વસ્તુનિષ્ઠ કસોટીઓ હોય છે એમ આત્મજ્ઞાન અને આત્મજ્ઞાનીને ઓળખવાની કોઇ એવી કસોટી હોય છે ખરી?

વિનોબાજીએ સ્મિત સાથે કહ્યું જેની કસોટી કરવી હોય એના ગાલ પર કારણ વિના તમાચો મારો એને ક્રોધ ન આવે તો સમજો કે 'આત્મજ્ઞાની' છે.

એકવાર આશ્રમની પ્રાર્થનામાં કોઇએ કહ્યું, બાબા હું રસોડામાં કામ કરું છું, સડેલા અને પોલીસ કરેલા ચોખામાં જીવડાં પડતાં પણ આપણે હાથ છડના ગ્રામોદ્યોગી ચોખા ખાવાનો આગ્રહ રાખીએ છીએ. એમાં જીવડાં જલદી પડે છે! બાબા એ હસતાં હસતાં કહ્યું, તો પણ તમે કેમ નથી સમજતા, જીવડાં પણ જાણે છે કે કયાં ચોખામાં પડાય અને શેમાં નહીં!!

Email - sureshchandrabhatt18@gmail.com

# ચાલો બહેન કાચલા વિશે વધુ જાણવું હોય તો પછી નિરાંતે કયારેક આવજો અત્યારે તો આ તમારી થેલીમાં ઊંચો નીચો થઈ રહ્યો છે, તેને ઠેકાણે મુકવાની વ્યવસ્થા કરીએ, એનિમલ કીપરે કહ્યું એટલે હીના અને તેનો દીકરો કશ્યપ બંને તેની સાથે ચાલતા થયા

સવારનો નવ વાગ્યાનો સમય હતો.

પાર્કમાં મુલાકાતીઓ આવવાની શરૂઆત થઇ ગઈ હતી.

સૂર્યના કોમળ કિરણો ધરતી પર પથરાઇ રહ્યાં હતા. પંખીઓનો કલરવ અને ઠંડા પવનની લહેરખી આહ્લાદક લાગતી હતી.

પાર્કીંગથી થોડે દૂર ડાયનોસર પાર્કના દરવાજા પાસે હું ઊભો હતો, ત્યાં મેં જોયું કે એક ત્રીસ પાંત્રીસ વર્ષની સ્ત્રી તેની સાથે સાત આઠ વર્ષના બાળકને લઇને પ્રવેશદ્વાર પાસે જયાં ટીકીટ ચકાસવાનું કામ ચાલતું હતું ત્યાં કપડાંની એક થેલી લઇને પ્રવેશી રહ્યાં હતા. તેમની થેલીમાં કંઇક સળવળતું હોય એવું લાગતાં ત્યાં ઊભેલાં પ્રહલાદે તેમને રોક્યા હતા અને તેમની વચ્ચે કંઇક રકઝક ચાલતી હોય એવું મને લાગ્યું. મે પ્રહલાદને સૂચન કર્યું કે એ લોકોને અંદર આવવા દો. તેથી તેણે એ બંને ને થેલી સાથે પ્રવેશ આપ્યો.

માં દીકરો અંદર પ્રવેશ્યા એ હું જયાં ઊભો હતો ત્યાં આવ્યા.

'કયાંથી આવો છો?'

'અમદાવાદથી'

'આ થેલીમાં શું છે?'

'કાચબો છે. મમ્મી તેને અહીં આપી દેવા માંગે છે. અંકલ મને કાચબો ખુબ જ ગમે છે.' છોકરાએ કહ્યું.

'એમ, તો પછી તમારે ઘેર જ રાખોને અહીં કેમ લઇને આવ્યા છો.'




'સર, કાચબા એ છેલ્લા બે-ત્રણ દિવસથી કંઇ જ ખાધું નથી. પાણી પણ પીવાનું બંધ કરી દીધું છે. જુઓ આ રહ્યો.' પેલી સ્ત્રીએ કાચબો બહાર કાઢી મને બતાવ્યો.

'તમારું નામ.'

'મારું નામ હિના, આ મારો દીકરો કશ્યપ'

'ઓહ! સારું નામ છે. કશ્યપનો અર્થ જાણો છો. તમારે ત્યાં એક કશ્યપ હોવા છતાં આ બીચારા બીજા કશ્યપને કયાંથી લાવ્યા.' મેં કહ્યું.

'સર, મારા હસબન્ડ વાસ્તુશાસ્ત્રમાં ખુબ જ માને છે... તેમને કોઇએ કહ્યું કે ઘરમાં કાચબો રાખવાથી સકારાત્મક ઉર્જા પ્રવેશે છે. જેથી ખુબ જ ફાયદો થાય છે. તેથી એ કાચબાની જોડ લઇ આવેલા. નાના... નાના... આ કાચબાઓ અમારા કશ્યપને પણ ખુબ જ ગમતા હતા. તે આખો દિવસ તેની સાથે રમતો, તેને ખવડાવતો, પાણી પીવડાવતો, અને સાથે રમતો પણ...'

'પણ શું થયું?'

'બે દિવસ પહેલાં એક કાચબો મરી ગયો. અને આ બીજાએ પણ અન્ન જળનો ત્યાગ કરી દીધો છે. તેથી અમારી પાડોશમાં રહેતાં જીજ્ઞાબહેને કહ્યું કે આને પ્રાણીસંગ્રહલાયમાં આપી દો. તેથી હું અહીં લઇને આવી છું. પણ પેલા ટીકીટ ચેક કરે છે એ ભાઇએ અમને રોક્યા છે. એ કહેતા હતા કે બહારના કોઇ પણ પ્રાણી પક્ષીને અંદર લઇ જવાની મનાઇ છે.'

'તો તમારે આ કાચબો અહીં આપી દેવો છે ખરૂં ને?'

'હાં'

'પણ પછી તમારો આ કશ્યપ કાલે રડવા લાગશે અને કાચબો પાછો લાવવાની જીદ કરશે તો?'

'જો મમ્મી અંકલ સાચું જ કહે છે. આપણે તેને પાછો ઘેર લઇ જઇએ.'

'બેટા, એ પણ મરી જશે.' તેણે દીકરાને સમજાવવાની કોશીષ કરી.

'અંકલ કાચબાની ઉંમર કેટલી હોય?' નાના બાળકો પ્રશ્ન કર્યો.

'આમ તો કાચબાનો જીવનકાળ ૧૦૦ વર્ષ જેટલો હોય છે. જમીન પર રહેનારા કાચબાને કશ્યપ (Tortoises) કહે છે. જયારે મીઠા પાણીમાં રહેનારા કાચબાને અંગ્રેજીમાં Terripins કહે છે.'

'અમને તો જે ભાઇએ આ કાચબા આપ્યા તેણે આનું નામ સુરજ કાચબો છે એવું કહેલું. જુઓને તેની પીઠ પર ડિઝાઇન પણ કેવી સરસ છે. આ તો મોટા ભાગે જમીન પર જ રહે છે. હીના એ પોતાનું જ્ઞાન પ્રદર્શીત કર્યું.'

'તમારી વાત સાચી છે. અહીં તમારા પાર્કમાં આવા બીજા ઘણા કાચબાઓ છે.'

'અંકલ તમે કાચબાઓને કયાં રાખો છો?'

'મગર કુંડની બાજુમાં કાચબા ઘર આવેલું છે. ત્યાં બંને જાતના કાચબાઓ જોવા મળે છે. ઉપરાંત એક ખુબ મોટા કદનો કાચબો પણ હમણાં અમારા પાર્કનો મહેમાન થયો છે.'

'તો.. તો.. તમે આ કાચબાને પણ રખી લેશો ખરું ને?'

'હા, તમારાથી નથી સચવાતો અને તમે અહીં આપવા જ આવ્યા છો તો અમે તેને રાખીશું પણ તમે તમારા બાળકની જીદને કારણે પરત લેવા આવશો તો પાછો નહીં આપીએ.'

'ભલે... ભલે... લ્યો રાખી લ્યો અમે પાછા લેવા નહીં આવીએ. હીના બહેને જાણે કે કાચબાથી છૂટકારો મેળવવો હોય તેમ મારા હાથમાં થેલી પકડાવતા માંડી. મેં જોયું કે તેમનો દીકરો નિરાશ વદને મારી તરફ જોઇ રહ્યો હતો. તેને કાચબા સાથે આત્મીયતા બંધાઇ ગઇ હતી. તેથી એ તેને મુકવા દેવા માંગતો ન હતો.'

'ડન તમે આને રાખી લો.' કહેતા હીનાએ કશ્યપ તરફ ફરીને કહ્યું.

'બેટા અહી એ તેના દોસ્તોની સાથે સારી રીતે રહેશે. અને મજા કરશે. કયારેક કયારેક આપણે તેને જોવા અહીં આવતા રહીશું.'

છોકરાએ બહારથી સંમતી દર્શાવી પણ તેનું મન માનતું ન હતું. છતાં એક કાચબાના મૃત્યુના કારણે તેને આ કાચબાને સારૂં જીવન મળી રહે તે માટે તેનો ત્યાગ કરવાનું સ્વીકારી લીધું. પણ બાળકના મનમાં અનેક પ્રશ્નો હતા. તેણે પુછ્યું.

'અંકલ અમારે ભણવામાં એક વાર્તા આવે છે. તેમાં સસલાં અને કાચબા વચ્ચે સ્પર્ધા થાય છે. શું એ વાત સાચી હશે.'

'હાં, એ વાત સાચી છે. કાચબો કર્મઠતાનું ઉદાહરણ છે. તે સતત એક સરખી ઝડપે ચાલે છે. માનવ પણ જો સતત પ્રયત્નો કરે તો સફળ થાય છે. ખરેખર તો આજ સકારાત્મક ઉર્જાનું ઉદાહરણ છે. પણ આપણે અંધ વિશ્વાસમાં આવી વાર્તાનો મૂળ હેતુ સમજ્યા વિના અને પ્રાણીની વર્તણૂક, તેને જોઇતું વાતાવરણ તેની સમજ વિના આપણા સ્વાર્થમાં તેને ઘેર લાવી દઇએ છીએ. પછી સાચવી નહીં શકતા આપણે પણ મુશ્કેલીમાં મુકાઇએ છીએ અને નિર્દોષ પ્રાણીને પણ મુશ્કેલીમાં મુકીએ છીએ.'

'સર, તમારી વાત બિલકુલ સાચી છે. અમારે પણ એવું જ થયું છે, પણ પ્લીઝ હવે તમે તેને રાખી લો.'

'તમે ચિંતા ન કરો. એ તમારી પાસે સલામત રહેશે.' મેં તેને હૈયાધારણ આપી.

'તમે આ ભાઇ સાથે જાવ અને કાચબા ઘર છે. ત્યાં તેને સોંપી દો.'

'સર, હવે અમારે કાચબાને રાખવો નથી. પણ આ કાચબાઓ વિશે જાણવાની મારી ખુબ જ ઉત્કંઠા છે. મેં નેટ પર સર્ચ કરીને ઘણી બધી વિગતો મેળવી છે. કાચબાઓનો શિકાર મોટા પ્રમાણમાં થાય છે. તેથી તેની સંખ્યા ઘટી રહી છે. એવું પણ જાણવા મળ્યું છે. તે સાચું હશે?'

'હા, તમારી વાત બિલકુલ સાચી છે. કાચબાનો જૂનામાં જૂનો ઉપયોગ મનુષ્યના ખોરાકમાં થયાના દાખલા જાણવા મળે છે. પ્રાગેતિહાસિક મનુષ્યના 'કેમ્પ ફાયર'માં કાચબાના અવશેષો જોવા મળેલ છે. જૂની એક કવિતા હતી. 'કાચબો કહે છે કાચબીને તું ધારણ રાખને ધીર... ' તેમાં કાચબા કાચબીને ઉકળતા પાણીમાં નાંખતા હોવાનો ઉલ્લેખ છે. દક્ષિણ પૂર્વ અમેરિકાના અમુક રાજયો અને ચીનમાં કાચબાનું માંસ ખવાતું. કચ્છના અખાતનાં કાઠાં વિસ્તાર તેમજ માંગરોળ, સિલ-માધુપુરા વગેરે દરિયાકાંઠે કાચબાના ઇંડા ખાવામાં લેવાય છે.'

'આપણે ત્યાં પણ?' હીનાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હાં, આપણા પૌરાણિક સાહિત્યમાં, ધર્મમાં અને દવાઓમાં કાચબાઓનો ઉપયોગ દર્શાવાયો છે. કાચબાના કવચના હાડકાં ભવિષ્ય જણાવવા વપરાતાં, હિન્દુ દંતકથાઓમાં જણાવ્યા પ્રમાણે વિશ્વને ચાર હાથીઓએ કાચબાની પીઠ પર ઊભા રહીને પકડી રાખેલાનું કહેવાય છે. કેટલાક આદિવાસીઓની માન્યતા પ્રમાણે વિશ્વ એટલે કાચબાની પીઠ પરને એક ટાપું છે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આદર્શ કેળવણીકાર શિક્ષિકા, વિદ્યાને ઉત્તેજન આપનાર શ્રી દર્શનાબહેન મહેન્દ્રભાઈ રાવલ

## મોંઘેરા મોતી

-નટવર આહલપરા

ગાંધીજી માનતા હતા કે કેળવણી શ્રમપ્રધાન અને વિદ્યાર્થીને સ્વાવલંબી બનાવે તેવી હોવી જોઇએ. કેવળ અક્ષરજ્ઞાન એ કેળવણી નથી, તેમાં તાલીમનું તત્ત્વ પણ હોવું જોઇએ એ બાળકને સ્વાવલંબી બનાવે. ગાંધીજીના વિચારોથી પ્રભાવિત પરિવારમાં દર્શનાબેનનો જન્મ ૨૭-૯-૧૯૫૮માં ભાવનગર મુકામે થયો. સ્વાતંત્ર્ય સેનાની અને ચુસ્ત ગાંધીવાદી પિતાના સંસ્કારો તેમનાં જીવન ઘડતરમાં મહત્ત્વના બની રહ્યા. રાષ્ટ્રપ્રેમ અને સમાજ માટે કશુંક કરી છૂટવાની ભાવના ધરાવતા પિતાશ્રીએ દીકરાને પણ ઉચ્ચ શિક્ષણ અપાવ્યું. શ્રી દર્શનાબેનનું બાળપણ ભાવનગરમાં જ વીત્યું.

તેમને કોલેજ શિક્ષણ ભાવનગરની નામાંકિત સંસ્થા ન.ચ. ગાંધી મહિલા કોલેજમાં લીધું. નાનપણથી જ તેઓશ્રી જુદી જુદી સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં રસ લેતા હતા. શિક્ષણનો સમય એ જીવનનો મહત્ત્વનો સમય છે. એ સમયમાં જ જીવનનું સાચું ઘડતર થાય છે. દર્શનાબહેન સાંસ્કૃતિક પ્રવૃત્તિ, સ્કાઉટ ગાઇડ, એન.સી.સી., રેડ ક્રોસ જેવી તાલીમ પ્રવૃત્તિમાં મગ્ન રહેતા તો વકતૃત્વકળામાં પણ પ્રવીણ હતા. નેતૃત્વના ગુણો હોવાથી જી.એસ. તરીકે પણ કોલેજમાં નામના મેળવી હતી. ગ્રેજ્યુએશન બાદ તેમણે શહેરન જી.એચ. સંઘવી બી.એડ કોલેજમાં બી.એડ.ની તાલીમ મેળવી શિક્ષણક્ષેત્રમાં આગળ ધપવાનું નક્કી કર્યું.



શિક્ષકનો વ્યવસાય એ જવાબદારીવાળો વ્યવસાય છે. શિક્ષક બાળકનો ઘડવેયો છે. શિલ્પી છે. દર્શનાબેન પણ એક આદર્શ શિક્ષિકાની ભૂમિકા સફળતાપૂર્વક નિભાવી શક્યા છે. ૧૯૮૪થી તેઓશ્રી માધ્યમિક કક્ષાએ ભાષાશિક્ષણ આપી રહ્યા છે. દર્શાબહેનને વિદ્યાર્થીઓ પ્રત્યે મદદરૂપ થવાની લાગણી હોવાથી તેઓશ્રી માત્ર ભાષાશિક્ષક જ નથી રહ્યાં પરંતુ વિદ્યાર્થીઓની જરૂરિયાત સમજી તેમને મદદરૂપ પણ થાય છે. આર્થિક રીતે નબળા પણ અભ્યાસમાં ખૂબ જ તેજસ્વી એવા વિદ્યાર્થીઓને લક્ષ્ય સુધી પહોંચાડવામાં ગમે તેટલો આર્થિક ભોગ આપવો પડે. તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. આર્થિક તંગી વિદ્યાર્થીનો વિકાસ રૂંધે છે તે સત્ય તેઓ બરોબર સમજે છે. કોઇ વિદ્યાર્થીને એડમિશન, તો કોઇને ગણવેશ, કોઇને સૂઝ તો કોઇને પુસ્તકો, કોઇને નોટબુક તો કોઇને ફી, કોઇને ટ્યુશન તો કોઇને અનાજ અને જીવન જરૂરિયાતની વસ્તુ વગેરે આપીને તેઓ વિદ્યાર્થીના ખરા રાહબર બની રહ્યા છે. શિક્ષણ એ માત્ર શિક્ષક નથી પરંતુ તે વિદ્યાર્થીના વાલી તરીકે પણ ભૂમિકા ભજવે છે પોતે બાળપણે ગાંધીવાદી વિચારધારા ધરાવતા પિતાના સંસ્કારે ઘડાયા હતા. તેવું જ ઘડતર વિદ્યાર્થીનું થાય અને આખર વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ સંભવિત બને તેવા હેતુઓથી દર્શનાબેન તેમના વિદ્યાર્થીઓને શિક્ષિકા ઉપરાંત બધી રીતે મદદરૂપ થાય છે. આવા આદર્શ શિક્ષિકા ભાગ્યે જ મળે.

કોલેજ સમય દરમિયાન દર્શનાબેન કોલેજના જનરલ સેક્રેટરી તરીકે નેતૃત્વ સંભાળતા હતા અને કોલેજના અભ્યાસકાળ દરમિયાન તેમનાંમાં આ નેતાગીરીનો ગુણ વિકસ્યો. શિક્ષિકા તરીકેની કારકિર્દી દરમિયાન પણ તેમણે તેથી વિદ્યાર્થીઓના પ્રશ્નોમાં ઘણો જ રસ દાખવ્યો છે અને એ રીતે એક આદર્શ શિક્ષિકાની ભૂમિકા તેમણે સફળતાપૂર્વક નિભાવી છે. પિતાક્ષી જેમ ચુસ્ત ગાંધીવાદી હતા તેમ તેમના લગ્ન પણ એક ગાંધીવાદી પરિવારમાં થયા હોવાથી ગાંધીજીની સાદગીથી શ્રમજીવી જીવન જીવવાની કળા તેમનામાં જોવા મળે છે. નમ્રતા, સત્યના આગ્રહી એવા દર્શનાબેન સૌ વિદ્યાર્થીઓ માટે એક આદર્શ છે. ગાંધીજી સ્ત્રી કેળવણી ઉપર ભાર મૂકતા અને સ્ત્રીઓ બુનિયાદી કેળવણીની સાથે સાથે ઉદ્યોગનું શિક્ષણ મેળવી સ્વાવલંબી બને તેવી તેમની શિક્ષણ અંગેની ફિલસૂફી હતી.

શિક્ષણમાં રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. કેવળ અક્ષરજ્ઞાન એ શિક્ષણ નથી પરંતુ માણસ રમતગમતથી શરીર તંદુરસ્તી મેળવે તેવી શિક્ષણની વિચારણા હોવી જોઇએ. સંગીત અને સાહિત્યથી આજનો વિદ્યાર્થી વંચિત છે. પરિણામે શિક્ષણ બાળકનો સર્વાંગી વિકાસ સાધી શકતું નથી તેવી ફરિયાદો પણ શિક્ષણપ્રેમીઓ ઉઠાવે છે. ત્યારે દર્શના બહેનનાં જીવનમાં ઉપરોક્ત તમામ પ્રવૃત્તિઓ જોવા મળે છે. તેથી સમગ્ર અભ્યાસકાળ દરમિયાન પારિતોષિકો, મેડલ્સ અને પ્રમાણપત્રો હાંસલ કરીને દર્શનાબેને પોતાનું પ્રાવીણ્ય સિદ્ધ કર્યું છે. આજે પણ તેઓમાં એ તરવરાટ જોવા મળે છે. માસ્ટર્સ/વેટરન્સ એથલેટિક્સ એસોસિએશન દ્વારા યોજાતી વયસ્કો માટેની રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લઇ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ દર્શનાબહેને સુવર્ણચંદ્રક, રજકચંદ્રક અને કાસ્યચંદ્રકો મેળવીને એથ્લેટિક્સ ક્ષેત્રે ઉચ્ચ સફળતા હાંસલ કરેલ છે. અને આ રમત-ગમતના સંસ્કારોનું સિંચન તેઓશ્રી દ્વારા વિદ્યાર્થીઓમાં પણ થઇ રહ્યું છે.

વિદ્યાર્થીઓના પ્રશ્નો તેઓ સારી રીતે સમજી શકે છે. દરેક વિદ્યાર્થીની જરૂરિયાત શું હોઇ શકે તેનાથી તેઓ સારી રીતે પરિચિત છે. તેથી વિદ્યાર્થીને તેઓ વિકાસ માટે જોઇતી તક પુરી પાડવી જોઇએ તેવી માન્યતા ધરાવતા દર્શનાબેન અનેક વિદ્યાર્થી કલ્યાણની પ્રવૃત્તિ હાથ ધરે છે. સાહિત્યક્ષેત્રે પણ તેમણે નોંધપાત્ર પ્રગતી કરી છે. તેનામાં રહેલી સર્જકતા કાવ્યસ્વરૂપે સર્જન પામે છે. અને તેમનાં દ્વારા અનેક સુંદર કાવ્યોનું સર્જન થયું છે. આ કાવ્યોનો સંગ્રહ નામે 'મન્મય' ટૂંક સમયમાં જ ભાવનગર મુકામથી પ્રગટ થવાનો છે. અને તેનો લોકાર્પણ સમારંભ પણ થવાનો છે. એક કવયિત્રી તરીકે તેમની પ્રતિભાના આ કાવ્યસંગ્રહ દ્વારા દર્શન થશે અને આ તેમના વ્યક્તિત્વનું એક ઝળહળતું પાસું છે.

કર્મચારીઓ અને વિદ્યાર્થી વર્ગમાં દર્શનાબેન લોકપ્રિય શિક્ષિકા છે. તેઓ દર્શનાબેન વિશે કહે છે - 'તેમને પગ નથી, પગની જગ્યાએ પૈડા છે.' તેમનાં જીવનમાંથી પ્રેરણા લઇ આપણે પણ કોઇને ઉપયોગી બનતા શીખીએ. તેમને અને તેમનાં કાર્યને અને તેમનાં ભાવજગતના પ્રતિબિંબ સમા કાવ્યસંગ્રહ 'મન્મય'ને આવકારીએ.

# કાશ્મીરમાં આવેલા જળપ્રલયમાં માનવતાની મહેક ફેલાવી રહ્યા છે લશ્કરી જવાનો અને અમૃતસરમાં આવેલા સુવર્ણ મંદિરના લંગરના કાર્યકર્તાઓ

## સેવા પરમો ધર્મ

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

દુકાળ, પૂર, ધરતીકંપ જેવી કુદરતી આપત્તિઓથી ભારતનાં વિવિધ રાજયો અસરગ્રસ્ત બનતાં રહે છે, જેના માટે કુદરતી સંપત્તિઓનો માનવી દ્વારા કરવામાં આવતો દુરૂપયોગ જવાબદાર માનવામાં આવે છે. કયારેક કુદરતી આપત્તિઓ માનવજીવનમાં મહત્ત્વનાં સંબંધોને મજબૂત બનાવે છે. તે વાત આપણે બધા જાણીએ છીએ.

લશ્કરની વિનંતીને માન આપીને અમૃતસરમાં આવેલ સુવર્ણ મંદિરના ગુરૂદ્વારા પ્રબંધક સમિતિ અને બીજા પાંચ ગુરૂદ્વારા પૂરથી અસરગ્રસ્ત એક લાખ લોકોને માટે પરિસ્થિતિ થાળે પડે નહીં ત્યાં સુધી ભોજન બનાવવાની વ્યવસ્થામાં લાગી ગયા છે. ૫૦ હજાર ફૂડ પેકેટ્સ જેમાં ચાર પરાઠા, એક શાક અને અથાણું બનાવીને તૈયાર પેકેટ્સને ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા દરરોજ પહોંચાડવામાં આવે છે. બીજા ૫૦ હજાર ફૂડ પેકેટ્સ 'પુલાવ'ના લંગરમાં બનાવવામાં આવશે.આ કામમાં અમૃતસરમાં રહેનાર સ્થાનિક પ્રજા તથા દર્શનાર્થી પણ પોતાની સેવાનો લાભ આપી રહ્યા છે. હાલમાં ધરતી પરનું સ્વર્ગ કહેવાતા કાશ્મીરમાં જળપ્રલય અને ભૂસ્ખલનની ઘટના આફત બનીને આવી છે. ફક્ત ૭૨ કલાકમાં ૨૫૦ મી.મી. વરસાદ જેણે વરસાદી ખાધને અતિવૃષ્ટિમાં બદલી. આમ આદમીને મદદ કરતી આર્મીની સરાહનાજનક કામગીરીને સલામ કરવી દરેક ભારતીય નાગરિકની ફરજ બની રહે છે. નેવું હજારથી પણ વધુ અસરગ્રસ્તોને બચાવવા આર્મીની સાથે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ દિવસ-રાત શાંત ચિત્તે ફસાયેલા લોકોને પાણીમાંથી બહાર કાઢતા જ રહે છે. જળપ્રલયને પહોંચી વળવા માટે કાશ્મીરમાં ખાસ મિશન 'સહાયતા' ના નામે ચલાવી રહ્યાં છે. જેમાં જમ્મુમાં ચાલી રહેલા મિશનનું નામ છે 'રાહત' જેમાં ૩૫,૦૦૦ જવાનો દિવસરાત કામ કરી રહ્યા છે. જેમાંથી ૩૦ લશ્કરી દળો ગંભીર રીતે ફસાયેલ કે ઘવાયેલ પીડિતોના રાહતની કામગીરી સાથે સંકળાયેલ છે. ૨૧ હજાર લશ્કરી દળો કાશ્મીર વેલીમાં વિકટ પરિસ્થિતિમાં ફરજ બજાવે છે. ૨૨૪ બોટ શહેરમાં ભરાઇ ગયેલા પાણીમાં ચલાવવામાં આવી રહી છે. ૧૨૩૭ ટન રાહત સામગ્રી તો વાયુ સેના દ્વારા લોકોને પહોંચાડવામાં આવી છે. જળપ્રલયમાંથી બચી ગયેલ બધા જ લશ્કરની સહાયને સલામ કરતા થાકતા નથી.

યાદ આવે છે ૨૦૦૧ની ૨૬ જાન્યુઆરી... કચ્છનો ભૂકંપ

ભારતીય સેનાએ 'ઓપરેશન સહાયતા' હેઠળ દિવસ-રાત મહેનત કરીને ધરતીકંપના આંચકા સતત સહેતી સામાન્ય પ્રજાને મદદ કરીને ભારતીય સેનાની ત્રણે પાંખોનું નામ નાગરિકોના દિલમાં જડી દીધું હતું. 'ગજરાજ' નામક પ્લેનમાં રાહત સામગ્રી ભરીને સમયસરની મદદ પહોંચાડી હતી. કંડલા બંદરે ઓઇલ લીકેજને કારણે નુકશાન થયું હોવા છતાં બે સ્ટીમર ભરીને રાહત સામગ્રી સાથે ભારતીય નૌસેનાની ટુકડી તૈયાર હતી. સલામ છે ભારતીય લશ્કરી સેનાને!

હજી તો ઉત્તરાખંડની તબાહી તાજી છે... ૨૦૧૩માં ૧ થી ૧૮ જૂન સુધીમાં થયેલ ૩૮૫ મી.મી. રેકોર્ડ બ્રેક વરસાદમાં ઉત્તરાખંડમં થયેલ પાયમાલી ૮૦ વર્ષમાં પ્રથમ વાર બની હતી. સામાન્ય રીતે ઉત્તરાખંડમાં ૭૧.૩ મી.મી. વરસાદ પડતો હોય છે. તેની જગ્યાએ ૪૪૦ ટકા વરસાદ વધુ પડતો હતો. પત્તાની મહેલની જેમ પડતા મકાનોનાં દૃશ્યો, મંદિરના પરિસરમાં ભરાઇ ગયેલ પાણીનાં દૃશ્યો આંખ સામે છે. તે સમયે આર્મીના જવાનોએ 'સૂર્યા ટોપ-૨૦૧૩' રાહતકાર્ય શરૂ કર્યું હતું. એક લાખથી વધુ યાત્રીઓને પૂરની તબાહીમાંથી બચાવ્યા હતા. યાત્રીઓ તો ઇશ્વરના દર્શનાર્થે ગયા હતા. જયારે પાણી અને ભેખડો પડવાને કારણે કુદરતનો વિકરાળ ચહેરો જોઇને હેતબાઇ ગયા હતા. તેમને આપણી આર્મીની બચાવ કામગીરીમાં જ ઇશ્વરના સાક્ષાત દર્શન થયા હતા. સલામ તો કરવી જ રહી આ લશ્કરી જવાનોને. સામાન્ય રીતે પ્રજાની માનસિકતા એવી હોય છે કે આપત્તિના સમયે ફક્ત સમાચાર સાંભળીને કે ટીવી ઉપર દૃશ્યો નિહાળીને દુઃખ વ્યક્ત કરતા હોય છે, જયારે તેમને મદદ માટેની અપીલ કરવામાં આવે તો તેમના ગલ્લાતલ્લાં શરૂ થઇ જતા હોય છે. ફક્ત આર્મીને એક વિનવણીને માન આપીને અમૃતસર સ્થિત ગોલ્ડન ટેમ્પલના કાર્યકરો બીજાની મુશ્કેલીમાં સહાય કરીને સેવાધર્મ બજાવી રહ્યા છે. ત્યારે લશ્કર અને ગુરૂદ્વારા સહાય તો થઇ જ રહી છે. એક સામાન્ય નાગરિક તરીકે આપણે પણ હાલમાં કાશ્મીરમાં 'ગાંડીતૂર' બનેલી જેલમની જેમ પ્રલયમાં સપડાયેલાં લોકોની સહાય માટે હાથ લંબાવીએ તો કેવું!